# કોરોનાવાઈરસ: નવજાત શિશુના માતાપિતા માટે માહિતી

NHS

**જોખમો આમ તો બહુ ઓછા છે, છતાં તમારા બાળકને કોરોનાવાઈરસનો ચેપ લાગી શકે એ વાતે તમે ચિંતિત હોઈ શકો છો. આ માટે કઈ કઈ કાળજી રાખવી એ તમને આ લીફ્લેટ જણાવે છે. જો તમને ચિંતાની કોઈ બાબત જણાય તો મદદ મેળવવામાં જરાય વિલંબ ન કરો.**

## મારા બાળકને કોરોનાવાઈરસનો ચેપ છે કે નહિ એ મને કેવી રીતે જાણવા મળશે?

આ વાઈરસના ચેપવાળા ઘણા બાળકોમાં આ રોગના કોઈ લક્ષણો દેખાશે નહિ અને તેઓ સંપૂર્ણ સાજા થઈ જશે. કેટલાક બાળકોમાં અનિયમિત તાપમાન અને/અથવા કફ જોવા મળી શકે છે. ચેપગ્રસ્ત બાળકોમાં હંમેશા તાવના લક્ષણો જોવા મળતા નથી.

- **જો તમારા બાળકને કફ કે તાવ હોય અથવા શરીર અસાધારણ રીતે ગરમ કે ઠંડું લાગતું હોય પણ તે સિવાય બધુ બરાબર હોય તો NHS 111 ને કોલ કરો.**
- જો તમારા બાળકને કમળો થયો હોય અથવા બરાબર ધાવતું ન હોય તો તમારી મિડવાઈફ ટીમને કોલ કરો
- જો તમારા બાળકમાં એવા કોઈ લક્ષણો જણાય જેને લઈને એમના શ્વાસોચ્છવાસ, કલર અને હલનચલનના સંબંધમાં તમને ચિંતા જેવું જણાય તો તાત્કાલિક 999 પર કોલ કરો.

(વધુ જાણકારી લીફ્લેટના 'નવજાત શિશુમાં બિમારી' માં જુઓ)



## શું મારું બાળક જોખમમાં છે?

જન્મ પછી બાળકને વાઈરસથી ચેપગ્રસ્ત કોઈપણ વ્યક્તિથી કોરોનાવાઈરસનો ચેપ સંભવત: લાગી શકે છે, પછી ભલે એ ચેપગ્રસ્ત વ્યક્તિને પોતાની તબિયત સારી હોવાનું લાગતું હોય. આથી એવી સલાહ આપવામાં આવે છે કે તમને લાગે કે તમારા માટે એમ કરવું સલામત છે તો તરત જ તમારા બાળકને ઘેર લઈ જાઓ, અને સેલ્ફ-આઈસોલેશન અને સોશિયલ ડિસ્ટન્સીંગ માટેના સરકારના દિશા-નિર્દેશોનું પાલન કરો.

ખાસ કરીને તમારે તમારા બાળકને શરદી-ઉધરસ હોય, તાવ આવતો હોય અથવા નાકમાંથી પાણી વહેવું, ઉલ્ટી થવી, ઝાડા થવા વગેરે જેવા વાઈરલના અન્ય કોઈ લક્ષણો ધરાવતી વ્યક્તિઓથી દૂર રાખવું જોઈએ.

## કેવી રીતે મદદ કરવી

**આના દ્વારા તમારા બાળકમાં કોરોનાવાઈરસનો ચેપ લાગવાનું જોખમ ઘટાડો:**

- બાળક, બ્રેસ્ટ પંપ અથવા બોટલને સ્પર્શ કરતા પહેલા હાથ બરાબર ધોઈને સાફ કરવા
- બાળકના બાળોતિયા બદલ્યા પછી અને પરિવારના અન્ય સભ્યોના સંપર્કમાં આવ્યા પછી હાથ બરાબર ધોઈને સાફ કરવા
- બાળકને સ્તનપાન કરાવતી વખતે ઉધરસ કે છીંક લેવાનું ટાળો
- દરેક વખતે પંપનો ઉપયોગ કર્યા પછી પંપને સાફ કરવાની સૂચનાઓનું પાલન કરો
- જો તમને લાગે કે તમારી તબિયત સારી નથી તો તમારા બાળકને માતાનું ધાવણ આપી શકે એવી અન્ય કોઈ તંદુરસ્ત વ્યક્તિની મદદ લો.
- જો બોટલનો ઉપયોગ કરતા હો તો સ્ટરીલાઈઝેશનની ગાઈડલાઈન્સનું સંપૂર્ણપણે પાલન કરો

→

વધુ જાણકારી માટે કૃપયા પાનું ફેરવો

# કોરોનાવાઈરસ: નવજાત શિશુના માતાપિતા માટે માહિતી

NHS

## મિડવાઈફના સંપર્કની વિગતો

તમારા મિડવાઈફના સંપર્કની વિગતો નીચે લખો:

જો પ્રિમેચ્યોર જન્મ અથવા સ્વાસ્થ્ય સારું ન હોવાને કારણે તમારા બાળકને નિઓનટલ કે ટ્રાન્ઝિશનલ કૅર વૉર્ડમાં રાખવામાં આવેલ હોય તો કૃપા કરી Bliss વેબસાઈટની મુલાકાત લો: www.bliss.org.uk

નવજાત શિશુને કમળો, સ્તનપાનની મુશ્કેલીઓ વિશેની સામાન્ય માહિતી માટે અને નવજાત શિશુમાં બિમારીના અન્ય લક્ષણો જણાય તો www.nhs.uk ની મુલાકાત લઈ 'ઈલનેસ ઈન અ બેબી' અને 'ન્યુબોર્ન જૉન્ડિસ' ની શોધ કરી આ વિશે વધુ જાણકારી પ્રાપ્ત કરી શકો છો.

ચિંતાજનક બાબત ન હોય તેવા સંજોગોમાં **તમે NHS 111 ને પણ કોલ કરી શકો છો,**

જો તમે મિડવાઈફનો સંપર્ક કરી શકતા નથી.

## વધુ જાણકારી માટે કૃપા કરી www.nhs.uk/coronavirus ની મુલાકાત લો

Bliss for babies born premature or sick · The Royal College of Midwives · atain Changing practice to keep mother & baby together · British Association of Perinatal Medicine · RCPCH Royal College of Paediatrics and Child Health Leading the way in Children's Health